# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૮ તા.૧૮-૭-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- 'મા નર્મદા મહોત્સવ' ની ઉજવણી કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા ચાલુ વર્ષે ''મા નર્મદા મહોત્સવ'' ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદની તમામ અપર પ્રાયમરી શાળાઓને શાળા સમય દરમ્યાન નીચે દર્શાવેલ કાર્યક્રમ અનુસાર શાળા કક્ષાએ ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | તારીખ | વાર | સ્પર્ધા | વિષયો |
|---|---|---|---|---|
| ૧ | ૨૦-૭-૧૭ | ગુરૂવાર | ૧. નિબંધ લેખન<br>(લઘુત્તમ ૨૦૦ શબ્દો-૩૦ મિનિટ)<br>૨. કવિતા લેખન<br>(લઘુત્તમ ૧૦ પંક્તિ-૩૦ મિનિટ) | ૧. નર્મદા ગુજરાતની જીવાદોરી<br>૨. લોકમાતા નર્મદા<br>૩. નર્મદા યોજનાની વિકાસ ગાથા |
| ૨ | ૨૧-૭-૧૭ | શુક્રવાર | ૩.ચિત્ર સ્પર્ધા<br>(રંગકામ સાથે ૧ કલાક)<br>૪.સૂત્ર લેખન<br>(કલર કામ સાથે ૧ કલાક) | ૧. સરદાર સરોવર યોજના<br>૨. નર્મદા મૈયાનું મહત્વ દર્શાવતા ચિત્રો |
| ૩ | ૨૨-૭-૧૭ | શનિવાર | ૫.વકતૃત્વ<br>(૪ મિનિટ) | ૧. નર્મદા નીરથી થયેલ લાભોની સાફલ્યગાથા |

દરેક મુખ્ય શિક્ષકે આ કાર્યક્રમની ઉજવણીનો અહેવાલ તથા શાળામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા અને નામ સાથેની યાદી તા.૨૨-૭-૧૭ના રોજ ૩-૦૦ કલાક સુધીમાં તમારા બીટ સુપરવાઈઝરશ્રીઓને મોકલી આપવાનો રહેશે. બીટ સુપરવાઈઝરશ્રીઓએ દરેક સ્પર્ધા(ક્રમ ૧ થી ૫ સ્પર્ધા)માં બીટ કક્ષાએ પ્રથમ નંબર મેળવનાર કૃતિના વિદ્યાર્થીઓની વિગત (વિદ્યાર્થીનું નામ, ધોરણ, સંપર્ક નંબર, શાળાનું નામ) સાથે ક્રમ ૧ થી ૪ સ્પર્ધાની કૃતિઓને તા.૨૨-૭-૧૭ના રોજ ૫-૦૦ કલાક સુધીમાં સુપરવાઈઝરશ્રીઓએ ઉસ્માનપુરા શા.નં.૨ ખાતે રૂબરૂમાં આસિ.એ.ઓ.શ્રી દિનેશભાઈ દેસાઈને બિનચૂક રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

તા.૧૮-૭-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી